# રાજ્યમાં સ્થિતિ અતિ ગંભીર, નવા ૫૦૧૧ કેસ

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૫૦૧૧ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૫૦૧૧ નવા કોરોના કેસ નોંધાયા છે તો બીજી તરફ ૨૫૨૫ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩૧૨૧૫૧ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૧.૨૭ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૭૮૭૧૦૯૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૦૩૧૬૩૪ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૮૯૦૨૭૨૫ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધુ અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨૩૪૨૭૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૪૩૪૭૪ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૫,૧૨૯ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૯૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૪૪,૯૩૭ લોકો સ્ટેબલ છે. ૩૧૨૧૫૧ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૭૪૬ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૪૯ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરત કોર્પોરેશનમાં ૧૫, અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪, રાજકોટ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશનમાં ૪ વ્યક્તિ સહિત કુલ ૪૯ લોકોનાં મોત નિપજ્યાં હતા.

## બનાસકાંઠામાં કોરોનાની સેન્ચ્યુરી : ૧૦૧ કેસ નોંધાયા

**પાલનપુરમાં ૪૦ અને ડીસામાં ૨૦, દાંતા ૧૧, કાંકરેજ ૧૧, થરાદ ૦૩, ભાભર ૦૪, લાખણી ૦૨, દાંતીવાડા ૦૨, સુઇગામ ૦૨, ધાનેરા ૦૩, દિયોદર ૦૨ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો**

બનાસકાંઠા જિલ્લામાં આજે કોરોનાએ સેન્ચ્યુરી ફટકારતા સૌથી વધુ ૧૦૧ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં આજે બેકાબૂ બનેલા કોરોનાએ સદી ફટકારતા ૧૦૧ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લા મથક પાલનપુરમાં ૪૦ કેસ નોંધાયા હતા. જ્યારે વેપારી મથક ડીસામાં ૨૦ કેસ, કાંકરેજમાં ૧૧, દાંતા માં ૧૧, થરાદ ૦૩, ભાભર ૦૪, લાખણી ૦૨, દાંતીવાડા ૦૨, સુઈગામ ૦૨, ધાનેરા ૦૩, દિયોદર ૦૨ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો હોવાની સાથે જિલ્લામાં ૫૭૦ કેસ એક્ટિવ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. કોરોનાએ કોહરામ મચાવતા પાલનપુર નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન જગદીશભાઈ જોશીનું પણ મોત નિપજ્યુ હોવાના અહેવાલ મળ્યા છે.

## પ્રાંતિજના લીમલાના બાઈક માલિક સાથે છેતરપીંડી

પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના લીમલાના બાઈક માલિક સાથે છેતરપીંડી તથા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા બાઈક માલિક દ્વારા વિસનગરના બે ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના લીમલા ખાતે રહેતા વિષ્ણુભાઈ શંકરભાઈ કુબેરભાઈ પટેલ ઉ.વર્ષ-૪૮ રહે. લીમલા કે જેવોનુ હીરો હોન્ડા કંપનીનુ સ્પ્લેન્ડર મોટર સાયકલ વેચાણ કરવા સારૂ મોટર વાહનમાલિક ફેરફાર કર્યાની જાણ કરવાના નમૂનો-૩૦ ફોર્મમા તથા મોટર વાહનની માલિકી ફેરફાર કર્યાની નોટીસ નમૂનો-૩૯ ફોર્મમા ફરીયાદી વિષ્ણુભાઈ પટેલના નામની ખોટી સહિઓ કરી ફરિયાદની માલિકીના પેશન પ્લસ મોટર સાયકલ નંબર GJ09 AK -5312ના એન્જીન ચેચીસ નંબરની ખોટી આર.સી.બુક બનાવી ખોટા દસ્તાવેજ બનાવી ખોટાનો સાચા તરીકે ઉપયોગ કરી રજીસ્ટ્રેશન નંબર- GJ09-Ak-5312 નો ઉપયોગ કરી ફરીયાદી સાથે છેતરપીંડી કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા બાઈક માલિક ફરિયાદી વિષ્ણુભાઈ પટેલ દ્વારા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે (૧) અલ્કેશભાઈ મંગળદાસ પટેલ (૨) આર.ટી.ઓ. એજન્ટ જયરામભાઈ રામભાઈ પટેલ બન્ને રહે વિસનગર દિપડા દરવાજાના ઓ સામે ફરિયાદ પ્રાંતિજ પોલીસ દ્વારા ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં સરકાર લોકડાઉન નહીં લાવે સ્વૈચ્છિક લોકડાઉન આવકાર્ય : રૂપાણી

**૨૦ ધન્વંતરી રથનું લોકાર્પણ, એક ધન્વંતરી રથ પાંચ કર્મી, જીપીએસ સિસ્ટમ અને ઇન્ટરનેટ કનેક્ટીવિટી ધરાવે છે**

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદથી ૨૦ નવા ધન્વંતરી આરોગ્ય રથના લોકાર્પણ વેળાએ જણાવ્યું છે કે, રાજ્યમાં ધનવંતરી આરોગ્ય રથ થકી કોરોના દર્દીઓનું અર્લી ડિટેકશન કરી તેઓને સમયસર યોગ્ય સારવાર આપી રાજ્યમાં મૃત્યુ દર ઘટાડવાનો સરકારનો હેતુ છે. કોરોનાના દર્દીઓને સંક્રમણની થતાં જ સારવાર શરૂ કરી શકાય તે માટે રાજ્ય સરકારે લીધેલા પગલાઓ પૈકી આજે પ્રસ્થાન કરાયેલા ધન્વંતરી આરોગ્ય રથ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરીને દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં ઉમેરો કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, એક ધન્વંતરી રથ પાંચ આરોગ્ય કર્મીઓ, જી.પી.એસ. સિસ્ટમ, લેપટોપ અને ઈન્ટરનેટ કનેકટીવિટી ધરાવે છે જેના પગલે આરોગ્ય રથ આરોગ્ય વિભાગને સેન્ટ્રલાઈઝ ડેટા ઉપલબ્ધ કરાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ભારપૂર્વક પુનરોચ્ચાર કર્યો કે , રાજ્ય સરકારનો લોકડાઉન લાગુ કરવાનો કોઈ જ વિચાર નથી અને આપણે લોકડાઉનની દિશામાં જઈ પણ રહ્યા નથી. હાલમાં ૧૦ કલાકનો નાઈટ કર્ફ્યૂ પુરતો છે. રાજ્યના કેટલાક ગામડા-નગરોમાં લોકો અને વ્યાપારી સંગઠનો સ્થાનિક પરિસ્થિતિને આધારે સ્વયંભૂ બંધ પાળે છે તે આવકારદાયક છે.




આરોગ્ય રથના પ્રસ્થાન બાદ મુખ્યમંત્રીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાત સહિત દેશભરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેવા સમયે રાજ્ય સરકાર આરોગ્ય સુવિધાઓને વધારવા અને સુદ્રઢ કરવા માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત સરકારે છેલ્લા આઠ દિવસમાં રાજ્યમાં ૧૫૦૦૦ બેડ, ૩૧૦૦ ઈન્ટેન્સિવ કેર યુનિટ, ૬૭૦૦ ઓક્સિજન સાથેના બેડ અને ૯૬૫ વેન્ટિલેટર ઉમેર્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ચાર મહાનગરોમાં સંક્રમણ વધુ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે લોકો અનાવશ્યક કારણોથી ઘરની બહાર ન નીકળે અને નિયમોનું પાલન કરે તે જરૂરી છે. સરકારે માસ્ક પહેરવાના નિયમોની કડક અમલવારી માટેના નિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશના વિભિન્ન રાજ્યોના મુખ્યમંત્રી સાથેની ગત બેઠકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સાપેક્ષે રેમ્ડેસિવર ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્ય સરકારે કોરોનાકાળમાં કોવિડ દર્દી અને મૃત્યુના આંકડા ક્યારેય પણ છુપાવ્યા નથી. સરકાર યથાસ્થિતિ આંકડા સૌ સમક્ષ મૂકવામાં માને છે.

કોરોનાને કારણે થતા મૃત્યુની ગણતરીમાં આઈસીએમઆરની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, કોમોર્બિડ દર્દીના મૃત્યુનું પ્રાઈમરી અને સેકન્ડરી કારણ ધ્યાને લઈ માર્ગદર્શિકા મુજબ મૃત્યુનું મુખ્ય કારણ નિર્ધારિત કરવામાં આવે છે. સરકાર દ્વારા કોરોના સંક્રમણની જે વિગતો રજીસ્ટર થાય છે તે જ વિગતો જનતા અને મીડિયા સમક્ષ મૂકવામાં આવે છે.

## કોરોના કોર્નર

- આર.એસ.એસ.ના વડા મોહન ભાગવત કોરોનાથી સંક્રમિત થતાં નાગપુર હોસ્પિટલમાં દાખલ કરાયા.
- અમદાવાદમાં રેમડેસિવિર ઈન્જેક્શન રવિવાર સવારેથી ઝાયડસ ખાતે મળશે એમ કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ ટ્વીટ કર્યુ છે.
- સુરતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે રેમડેસિવિર ઈન્જેક્શન વિનામુલ્યે વિતરણ શરૂ કરતાં લાંબી લાઈનો લાગી.
- રાજ્ય સરકારે સવારે ૧૦.૦૦ વાગે ગૌહતી - ખાસ વિમાન દ્વારા ૩૦ હજાર ઈન્જેક્શન મંગાવ્યા.
- પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં મતદાન દરમ્યાન ગોળીબાર - ચારના મોત.
- કાશી વિશ્વનાથ મંદિર ૩૦ મી સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહને કોરોના વેક્સિનના ૨૫ લાખ ડોઝની માંગણી કરી.
- રાજકોટમાં ૮ જૈન મહાસતીજી કોરોનાથી સંક્રમિત.
- અમદાવાદ રેલવે સ્ટેશને ૩૦ મી સુધી પ્લેટફોર્મ ટિકીટ ઉપર પ્રતિબંધ મુકાયો.
- રાજ્યના પ્રથમ આઈપીએસ ઓફિસર ડૉ. મહેશ નાયકનું કોરોનાથી નિધન.
- કોરોનાની સ્થિતિ વણસતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે સર્વ પક્ષીય બેઠક બોલાવી.
- મોરબીથી મહેસાણા સુધી તમામ વિસ્તારનો સ્વયંભુ લોકડાઉન આરંભાયો.
- સોમનાથ મંદિર ૩૦ મી સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરાયુ.
- મહારાષ્ટ્ર-પંજાબ અને દિલ્હી બાદ હવે રાજસ્થાને પણ વેક્સિનની અછતનો દાવો કર્યો.
- સુરતમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આરોગ્યમંત્રીના ઘરને ઘેરાવ કર્યો.
- ખોડલધામના પ્રમુખ નરેશભાઈ પટેલ અને તેમના પત્નિ કોરોનાથી સંક્રમિત
- અમદાવાદ કલેક્ટર કચેરીના તમામ જનસેવા કેન્દ્રો ૨૩મી સુધી બંધ રાખવા આદેશ.
- સી.આર. પાટીલે રેમડેસિવિર ઈન્જેક્શન વહેંચતા રાજકારણ ગરમાયું.
- સુરત અને અમદાવાદમાં કોરોના બેકાબુ થતા કેન્દ્રિય તજજ્ઞોની ટીમ અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચી.
- પાલનપુરમાં ત્રણ દિવસનું સ્વયંભુ લોકડાઉન આરંભાયુ.
- ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં આંશિક લોકડાઉન.



**પ્રાંતિજ ખાતે પોગલુ જાયન્ટસ ગુપ દ્વારા માસ્ક વિતરણ કરી ઉકાળાનુ વિતરણ કરવામા આવ્યુ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોના ના વધતા જતા કસો ને લઈ ને ફરી સેવાભાવી સંસ્થાઓ પણ આગળ આવી છે અને આયુર્વેદિક ઉકાળા ની સાથે કોરોના રક્ષક માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ ખાતે પોગલુ જાયન્ટસ ગુપ અને મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળા અને એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા આજે પ્રાંતિજ ત્રણ રસ્તા અને ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો સાથે કોરોના સામે રક્ષણ મળે તે માટે આયુર્વેદિક ઉકાળો પણ આવતા જતા લોકોને પીવડાવવામા આવ્યો હતો તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, ડાં.એન. કે. ડેરિયા, પ્રાંતિજ જાયન્ટસ પ્રમુખ ડાં.કેયુરભાઈ પ્રજાપતિ, ભુનેશભાઈ પરીખ, વજેશભાઈ ભાવસાર, જાયન્ટસ મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, અનુજભાઈ પટેલ, જય પટેલ, મિહિર પટેલ સહિત પ્રાંતિજ-પોગલુ જાયન્ટસ ગ્રુપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને બજાર અને ત્રણ રસ્તા પાસે અવર જવર કરતા લોકોને માસ્કની સાથે ઉકાળો પીવડાવવામા આવ્યો હતો.

## પ્રાંતિજ ભાંખરીયા પોલીસ ચોકીને સેનીટાઇઝ કરાઇ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ પોલીસ ચોકીને સેનીટાઇઝ કરવામાં આવી. જિલ્લા સહિત હાલ કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામા પણ કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ પ્રાંતિજ પોલીસ ચોકીને આજે કોરોના વધતા જતા કેસોને લઈને અગમચેતીના ભાગરૂપે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ભાંખરીયા પોલીસ ચોકીને સેનીટાઇઝ કરવામા આવી હતી.

# મોડાસાના લિંભોઈ પાસે ઘઉ ભરેલા ડાલાનું ટાયર ફાટતાં ગમખ્વાર અકસ્માત

**ગમખ્વાર અકસ્માતમાં ૫ વર્ષિય બાળકનું મોત : ૨ મહિલા, ૧૦ વર્ષની બાળકી, ૯ વર્ષિય બાળક અને ૩ પુરુષો સહિત ૭ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત**

બાયડ , હિંમતનગર તા.૧૦

મોડાસા સહિત અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાંથી પસાર થતા બિસ્માર અને ખખડધજ માર્ગોને પગલે દિન-પ્રતિદિન અકસ્માતના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે તંત્ર દ્વારા મુક પ્રેક્ષક ની ભૂમિકા ભજવવામાં આવતા લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે ત્યારે સરકારી તંત્ર વિરુદ્ધ લોકોમાં ભારોભાર રોષની લાગણી પ્રવર્તી રહી છે ત્યારે બિસ્માર અને ખખડધજ રોડ ને પગલે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળી રહ્યું છે જેમાં ટિંટિસર ગામે ઘઉ કાપવા માટે ગયેલો પરિવાર ઘઉ લઈને ફતેપુરા વતનમાં જતાં સમયે ઘઉ ભરેલ ડાલુ પલટી મારી ગયું હતું આ ગમખ્વાર અકસ્માતમાં ૫ વર્ષિય બાળકનું કરુણ મોત નિપજ્યું હતું જયારે ૨ મહિલા, ૧૦ વર્ષની બાળકી,૯ વર્ષિય બાળક અને ૩ પુરુષો સહિત ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા લીંબોઈ પાસે ગતરોજ શનિવારે વહેલી સવારે ઘઉ ભરેલા પિકઅપ ડાલાનુ ચાલુ ગાડીએ ટાયર એકાએક ફાટી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટિંટિસર ગામે ઘઉ કાપવા માટે ગયેલો પરિવાર ઘઉ લઈને ફતેપુરા વતનમાં જતાં સમયે ઘઉ ભરેલ ડાલાનુ ટાયર ફાટતાં પલટી મારી ગયું હતું ચાલુ ગાડીએ ઘઉ ભરેલા પિકઅપ ડાલા નું ટાયર એકાએક ફાટતાં સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતમાં ૫ વર્ષિય બાળકનું મોત નીપજ્યું હતું જ્યારે ૨ મહિલા, ૧૦ વર્ષની બાળકી, ૯ વર્ષિય બાળક અને ૩ પુરુષો સહિત ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા ગમખ્વાર અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ઘટના અંગેની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને કરવામાં આવતા એમ્બ્યુલન્સ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા આ ગમખ્વાર અકસ્માતમાં ૨ મહિલા, ૧૦ વર્ષની બાળકી, ૯ વર્ષિય બાળક અને ૩ પુરુષો સહિત ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાની સાથે પાંચ વર્ષિય બાળકનું કરૂણ મોત નિપજતા પરિવારજનો સહિત સાર્વજનિક હોસ્પિટલમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

**Indian Institute of Teacher Education, Gujarat**
**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત**

- IITE invites an application on contract basis for Professor in Education & Assistant Professor in Education.
- IITE invites application on contract basis for various posts regarding forthcoming B.Sc./ B.A. B.Ed.(Special Education) course subject to recognition of RCI.

Last date for the application is 17th April, 2021.For more information & other details kindly visit our website : **www.iite.ac.in**

Place : Gandhinagar
Date : 11-04-2021

Registrar
IITE, Gandhinagar

# હિંમતનગરના પીપલોદી બસ સ્ટેન્ડ નજીક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા આધેડનું કરૂણ મોત

**અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું**

હિંમતનગર તા.૧૦

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા પિપલોદ બસ સ્ટેન્ડ નજીક ગતરોજ ગુરુવારે રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં એક અજાણ્યા વાહનચાલકે જેઠીપુરા ગામના આધેડ વયની વ્યક્તિને અડફેટે લઈ ટક્કર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુંજે અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલા પિપલોદી બસ સ્ટેન્ડ પાસે ગતરોજ ૮ એપ્રિલ ૨૦૨૧ ના રોજ આશરે સાતેક વાગ્યાના સુમારે હિંમતનગર તાલુકાના જેઠીપુરા ગામમાં રહેતા ભીખુસિંહ વેચાતસિહ રાઠોડ ઉ.વ.૫૦ રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી વાહનચાલકે અડફેટે લેતા શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ભીખુસિહ વેચાતસિંહ રાઠોડ ને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજયું હતું જેને પગલે મરણ જનાર આધેડના કુટુંબી સદસ્ય દ્વારા હિંમતનગર એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્રમણ સ્ફોટક... ● પહેલા પાનાનું ચાલુ

નવેમ્બર બાદ સૌથી વધુ ૨૯૯૪, આંધ્ર પ્રદેશમાં ૩ નવેમ્બર બાદ સૌથી વધુ ૨૭૬૫, તેલંગણામાં ૧૦ સપ્ટેમ્બર બાદ સૌથી વધુ ૨૪૭૮, બિહારમાં ૨૩ ઓગસ્ટ બાદ સૌથી વધુ ૨૧૭૪, ઝારખંડમાં ૮ સપ્ટેમ્બર બાદ સૌથી વધુ ૧૯૨૫, ઓડિશામાં ૮ નવેમ્બર બાદ સૌથી વધુ ૧૨૮૨, હિમાચલ પ્રદેશમાં ૧૦ ડિસેમ્બર બાદ સૌથી વધુ ૬૬૨, ચંદીગઢમાં ૧૩ સપ્ટેમ્બર બાદ સૌથી વધુ ૪૨૨ અને લદ્દાખમાં ૬ ડિસેમ્બર બાદ સૌથી વધુ ૯૧ કેસ નોંધાયા છે.

આ દરમિયાન શુક્રવાર ૯ એપ્રિલ સુધીમાં કુલ ૯.૮૦ કરોડ વેક્સીન ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ભારતમાં ૧૬ જાન્યુઆરીથી રસીકરણનો પ્રથમ તબક્કો શરું થયો ત્યારથી અત્યાર સુધીના આંકડા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮
www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.